ધર્મેન્દ્ર પ્રધાનનું રાજીનામું એ મોદી સરકારની પીછેહઠનું એકમાત્ર ઉદાહરણ નથી

છેલ્લા બાર વર્ષમાં ત્રણ કૃષિ કાયદાઓ પાછા ખેંચવા સહિત અનેક બનાવો એવા છે કે જેમાં સરકારે જનતાના કે રાજકીય દબાણ સામે ઝુકીને પીછેહટ કરવી પડી હોય

આ પહેલા ૨૦૧૮માં મી ટુ ચળવળ દરમ્યાન મહિલાઓના રોષનો સામનો કરતા એમ. જે. અકબરે મોદી સરકારમાંથી રાજીનામુ આપવું પડ્યું હતું

નવી દિલ્હી, તા. 25(PTI): NEET પેપર લીક વિવાદ પર શનિવારે કેન્દ્રીય શિક્ષણ મંત્રી ધર્મેન્દ્ર પ્રધાનનું રાજીનામું એ કોઈ પહેલી ઘટના નહોતી જ્યારે 2014માં સત્તામાં આવ્યા પછી નરેન્દ્ર મોદી સરકારે જનતાના કે રાજકીય દબાણ સામે ઝૂકવું પડ્યું હોય.

પ્રથમ મોટી પીછેહઠ 2015માં થઈ હતી જ્યારે સરકારે ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને ઔદ્યોગિક પ્રોજેક્ટ્સ માટે જમીન સંપાદન કરવાનું સરળ બનાવવા માટે જમીન સંપાદન કાયદામાં સુધારો કરવાનો પ્રયાસ કર્યો હતો. આ પગલાથી ખેડૂત સંગઠનો, વિપક્ષી દળો અને એનડીએ (NDA)ના અનેક સાથી પક્ષો દ્વારા વ્યાપક વિરોધ શરૂ થયો હતો, જેમણે દલીલ કરી હતી કે આ ફેરફારો હાલના રક્ષણાત્મક નિયમોને નબળા પાડે છે અને પ્રજા વિરોધી છે. સરકારે આખરે આ પ્રસ્તાવને રદ થવા દીધો. મોદીએ જાહેરાત કરી હતી કે હયાત કાયદો યથાવત રહેશે. આના ત્રણ વર્ષ પછી જાહેર દબાણ હેઠળ પ્રથમ મંત્રીનું રાજીનામું આવ્યું. ઓક્ટોબર 2018માં, વિદેશ મંત્રાલયના તત્કાલીન રાજ્ય મંત્રી એમ. જે. અકબરે 'મી ટૂ' ચળવળ દરમિયાન રાજીનામું આપ્યું હતું, જ્યારે અનેક મહિલાઓએ તેમના પર એડિટર તરીકેના દિવસો દરમિયાન જાતીય સતામણીનો આરોપ મૂક્યો હતો. અકબરે આ આરોપોને નકારી કાઢ્યા હતા પરંતુ પદ છોડી દીધું હતું.

સરકારની સૌથી મોટી નીતિગત પીછેહઠ નવેમ્બર 2021માં આવી જ્યારે મોદીએ ત્રણ કૃષિ કાયદાઓ પરત ખેંચવાની જાહેરાત કરી. આ કાયદાઓને કારણે એક વર્ષ લાંબુ આંદોલન ચાલ્યું હતું, જેમાં હજારો ખેડૂતો દિલ્હીની સરહદો પર ડેરા તંબુ નાખીને કાયદાઓ પરત ખેંચવાની માંગ કરી રહ્યા હતા. સરકારે સતત આ સુધારાઓનો બચાવ કર્યો હોવા છતાં, આખરે તેણે નમતું જોખવું પડ્યું અને સંસદે આ કાયદાઓ રદ કરવાનું વિધેયક પસાર કર્યું.

ઓગસ્ટ 2024માં, વિપક્ષી પક્ષો અને NDAના સહયોગી પક્ષ લોક જનશક્તિ પાર્ટી (રામ વિલાસ) દ્વારા અનામતની જોગવાઈઓના અભાવ સામે વાંધો ઉઠાવ્યા પછી કેન્દ્ર સરકારે વરિષ્ઠ સિવિલ સેવાઓમાં લેટરલ ભરતી માટેનું UPSCનું વિજ્ઞાપન પાછું ખેંચી લીધું હતું. વધુ એક પીછેહઠ નવેમ્બર 2025માં થઈ જ્યારે સરકારે તીવ્ર રાજકીય વિરોધનો સામનો કર્યા પછી બંધારણ(131મો સુધારો) બિલ રજૂ ન કરવાનો નિર્ણય લીધો. ખાસ કરીને પંજાબના પક્ષોએ દલીલ કરી હતી કે આ પ્રસ્તાવથી રાજ્યનું રાજકીય પ્રતિનિધિત્વ ઓછું થશે. શનિવારે પ્રધાનનું રાજીનામું એ સરકાર દ્વારા દબાણ વશ થવાનું તાજેતરનું ઉદાહરણ છે.

દિલ્હીના પ્રદર્શન અંગે યુએનએ કહ્યું, શાંતિપૂર્ણ વિરોધ કોઈપણ ડર વિના થવો જોઈએ

દરેક જગ્યાએ અધિકારોનું રક્ષણ થાય તે સુનિશ્ચિત કરવાની જવાબદારી સુરક્ષા દળોની છે: ડુજારિક

યુનાઈટેડ નેશન્સ, તા. 25 (PTI): સંયુક્ત રાષ્ટ્રે કહ્યું છે કે, તે નવી દિલ્હીમાં વિદ્યાર્થીઓના પ્રદર્શનોથી વાકેફ છે અને એ મહત્ત્વપૂર્ણ છે કે, જે લોકો શાંતિપૂર્ણ રીતે વિરોધ કરવા માગે છે તેમને ઉત્પીડન, ધરપકડ કે ઈજાના કોઈ પણ ડર વગર તેમ કરવાની મંજૂરી આપવામાં આવે.

મહાસચિવ એન્ટોનિયો ગુટેરેસના પ્રવક્તા સ્ટેફન ડુજારિકે શુક્રવારે ભારતમાં યુવાનોની આગેવાની હેઠળના વિરોધ પ્રદર્શનો અંગે યુએનના વલણ વિશેના એક પ્રશ્નનો જવાબ આપતાં કહ્યું, "અમે નવી દિલ્હીમાં થઈ રહેલા વિરોધ પ્રદર્શનોથી ચોક્કસપણે વાકેફ છીએ."

ડુજારિકે કહ્યું, "એ મહત્ત્વપૂર્ણ છે કે જે લોકો શાંતિપૂર્ણ રીતે વિરોધ કરવા માગે છે તેમને ઉત્પીડન, ધરપકડ કે ઈજાના ડર વગર તેમ કરવાની મંજૂરી આપવામાં આવે."

એક પ્રેસ બ્રીફિંગને સંબોધતાં ડુજારિકે કહ્યું કે, "ત્યાં તેમ જ દરેક જગ્યાએ તે અધિકારોનું રક્ષણ થાય તે સુનિશ્ચિત કરવાની જવાબદારી સુરક્ષા દળોની છે."

આ પ્રેસ બ્રીફિંગમાં વૈશ્વિક મુદ્દાઓની ચર્ચા થઈ હતી, જેમાં નાવિકો અંગેની ચિંતાઓ, મધ્ય પૂર્વમાં તણાવ અને આબોહવા પરિવર્તનનો સમાવેશ થાય છે, અને યુએન ના આગામી મહાસચિવના પદ માટેના ઉમેદવારો વિશેના પ્રશ્નોના પણ જવાબ આપવામાં આવ્યા હતા.

સા રે ગ મ

અનિલ આનંદ

રાજકારણમાં મહેનત કરતાં વફાદારીનું પલડું ભારે

શું રાજકારણમાં લક્ષ્ય પ્રાપ્ત કરવા માટે સખત મહેનત ફળ આપે છે? કે પછી વફાદારીનું પરિબળ અન્ય તમામ બાબતો પર ભારે પડે છે? વાસ્તવમાં રાજકીય પક્ષોમાં-મુખ્યત્વે મહત્ત્વનું પદ મેળવવામાં, રાજ્યસભાની ઉમેદવારી કે લોકસભા-વિધાનસભાની ચૂંટણી લડવા માટે ટિકિટ મેળવવામાં-મુખ્ય નેતા પ્રત્યેની નિકટતા અને વફાદારી વધારે મહત્ત્વની હોય છે. મોટા ભાગે વફાદારોનું મુખ્ય કામ બોસની નજરમાં બની રહેવાનું અને તેમના માટે નાના-મોટા કામ કરવા એ જ મુખ્ય કામ હોય છે. વફાદારીનાં ધોરણો પૂરાં કરવાં માટે આનાથી વધુ સારું શું હોઈ શકે? તાજેતરની રાજ્યસભા ચૂંટણીઓ દરમિયાન આ વફાદારી ફેક્ટર કામમાં આવ્યો હતો. આ પક્ષ કૉંગ્રેસ હતો અને નેતા રાહુલ ગાંધી હતા; કારણ કે તેમના ઘણા વફાદારો સંસદના ઉપલા ગૃહમાં પ્રવેશવા માટે લાંબા સમયથી રાહ જોઈ રહ્યા હતા. રાહુલ ગાંધી માટે તેમના લેપટોપ ચલાવવામાં માહિર લોકોને ઇનામ આપવાનો સમય આવી ગયો હતો. ખેર, સખત મહેનત તો થઈ, પરંતુ ઉમેદવારો દ્વારા નહીં. ૧૮ રાજ્યસભા બેઠકો માટે કૉંગ્રેસના ઉમેદવારોની પસંદગી કરવામાં ગાંધી અને તેમની ટીમે ભારે પરસેવો પાડવો પડ્યો હતો.

વરિષ્ઠ ન્યાયાધીશના નિવેદનથી ઊભો થયેલો વિવાદ

આ ચોક્કસ કિસ્સામાં આ 'કોર્સ કરેક્શન' (સુધારો) નહોતું, પરંતુ તે 'કોર્ટ કરેક્શન' સાબિત થયું. કારણ કે, સુધારો કરનાર વ્યક્તિ ભારતના મુખ્ય ન્યાયાધીશ હતા. ભારતના મુખ્ય ન્યાયાધીશ સૂર્યકાંતે તેમના 'કોકરોચ નિવેદન'થી ઊભા થયેલા વિવાદ બાદ ખૂબ જ સાવધાનીપૂર્વક 'કોર્ટ કરેક્શન' કર્યું હોય તેમ લાગે છે. આ વિવાદને કારણે 'કોકરોચ જનતા પાર્ટી'નો જન્મ થયો, જે હાલમાં વિવિધ સ્પર્ધાત્મક પરીક્ષાઓના પેપર લીક સામે જેન-ઝી યુવાનો દ્વારા ચલાવવામાં આવતા આંદોલનને કારણે આંતરરાષ્ટ્રીય સ્તરે ચર્ચામાં છે. મુખ્ય ન્યાયાધીશ તે ક્ષણને ચોક્કસ યાદ કરીને અફસોસ કરતા હશે જ્યારે તેમણે આ વૈશ્વિક સ્તરે પ્રખ્યાત 'કોકરોચ' સંદર્ભ આપ્યો હતો. શું તે ખરેખર બેરોજગાર યુવાનો વિશે હતો કે પછી તેમનું ધ્યાન બીજે ક્યાંક હતું? 5 મેના રોજ કરાયેલી તેમની આ ટિપ્પણીએ મોટો વિવાદ ઊભો કર્યો હતો, જેને ઘણા લોકોએ ભારતના યુવાનો પર પ્રહાર ગણાવ્યો હતો. જોકે, તેમણે બીજા જ દિવસે સ્પષ્ટતા કરી દીધી હતી, પરંતુ તીર કમાનથી નીકળી ચૂક્યું હતું. આ કોકરોચ વિવાદના પડઘા ઓક્સફોર્ડ યુનિવર્સિટી સુધી પહોંચ્યા, જ્યાં તેઓ એક કાર્યક્રમને સંબોધવા ગયા હતા. તેમણે વિવાદની તીવ્રતા ઘટાડવાના પ્રયાસરૂપે યુવા વકીલો અને ન્યાયિક અધિકારીઓનાં મુક્તકંઠે વખાણ કર્યાં હતાં.

રાજકારણમાં કામનું આઉટસોર્સિંગ

આ કાર્યક્ષમતાના નામે આઉટસોર્સિંગ (બાહ્ય સ્રોત પાસેથી કામ કરાવવું)નો યુગ છે. સરકારી વર્તુળોમાં આ વલણ વધુ પ્રચલિત છે, પરંતુ નેતાઓ ઉનાળાની ગરમી, શિયાળાની ઠંડી કે વરસાદી ઋતુમાં મહેનત કરવાને બદલે પોતાના કામનું આઉટસોર્સિંગ કરે તો? વિચાર ખરાબ નથી. 'પદયાત્રા'ની જાહેરાત કરો અને પછી તેને આઉટસોર્સિંગ કરી દો, જેથી 'નેતાજી' પડનારી મુશ્કેલીઓથી બચી શકે. અને પદયાત્રા તેમના માટે અનુકૂળ તેમ જ આરામદાયક બની રહે. જો આ વલણ રાજકીય રીતે સક્રિય એવા બિહારમાંથી શરૂ થયું હોય તો તેમાં કોઈ નવાઈ નથી. મુખ્યમંત્રી સમ્રાટ ચૌધરીએ આ પરંપરાને આઉટસોર્સ કરી દીધી છે. ખુદ રાજ્યનો પ્રવાસ કરવાને બદલે તેમણે પોતાના બાબુઓને (અધિકારીઓને) પ્રવાસ કરવાના નિર્દેશ આપ્યા છે. 'બિહાર દર્શન' પહેલ હેઠળ, તમામ અધિકારીઓને પ્રવાસન સ્થળોની મુલાકાત લેવાનો આદેશ આપવામાં આવ્યો છે, જ્યારે તેઓ પોતે પટનામાં આવેલી પોતાની આલીશાન એર-કંડિશન્ડ ઓફિસમાંથી તેનું નિરીક્ષણ કરશે.

નવી પેઢીને આદેશો નહીં આપો, સંવાદ કરો: ભાગવત

આરએસએસના વડાએ કહ્યું કે યુવાનોને યોગ્ય માર્ગદર્શનની જરૂર છે, મૂલ્યો લાદવાને બદલે તેના માટે માતા-પિતાએ ખુદ ઉદાહરણ પુરું પાડવું જોઇએ

સીજેપીના આંદોલન વચ્ચે સંઘ વડા પ્રથમ વખત બોલ્યા

નવી દિલ્હી, તા. ૨૫: આરએસએસ વડા મોહન ભાગવતે ભારપૂર્વક જણાવ્યું હતું કે આજની યુવા પેઢી ગેરમાર્ગે દોરાયેલી કે દિશાહીન નથી. તેમણે યુવાનોને સમજવા માટે તેમના પર નિયમો લાદવા અથવા હુકમ ચલાવવાને બદલે અર્થપૂર્ણ ચર્ચા કરવાની હાકલ કરી હતી. આરએસએસ વડાની આ ટિપ્પણી એવા સમયે આવી છે જ્યારે પરીક્ષાના પેપર લીક થવા સામે યુવાનો ઉગ્ર આંદોલન ચલાવી રહ્યા છે.

'વિશ્વ માંગલ્ય સભા'ના એક કાર્યક્રમમાં બોલતા ભાગવતે પેઢીઓ વચ્ચે વધી રહેલા અંતર પર પ્રકાશ પાડતા કહ્યું કે આજના યુવાનોને યોગ્ય માર્ગદર્શનની જરૂર છે. તેમણે કહ્યું, જ્યારે અમે નાના હતા, ત્યારે આજ્ઞાપાલનનો યુગ હતો. હવે એવું નથી રહ્યું. આરએસએસ પ્રમુખે જણાવ્યું કે આજની નવી પેઢી પ્રશ્નો પૂછવા તરફ વધુ ઝુકાવ ધરાવે છે, તેથી માતા-પિતા અને વડીલો માટે તેમની સાથે સંવાદ સાધવો અત્યંત જરૂરી બની જાય છે. આ સાથે જ તેમણે પરિવારમાં ઓછી થતી વાતો અને ચર્ચાઓ અંગે ચિંતા પણ વ્યક્ત કરી હતી. ભાગવતે કહ્યું, નવી પેઢી પ્રશ્નો પૂછે છે. આપણે તેમને તેનું કારણ સમજાવવું પડશે. તેમણે આગળ ભારપૂર્વક જણાવ્યું કે યુવાનોનો વિશ્વાસ જીતવા માટે આદેશો નહીં, પરંતુ ચર્ચા-વિચારણાની જરૂર છે. હુકમ નહીં, પરંતુ ચર્ચા. આદેશ નહીં, પણ સર્વસંમતિ એમ ભાગવતે કહ્યું. તેમણે એમ પણ કહ્યું હતું કે આપણે મનમાની કરીશું, શક્તિથી બધાના માલિક બની જઈશું તેવું થઈ શકશે નહીં. ભાગવતે એમ પણ કહ્યું હતું કે મૂલ્યો ઉપરથી લાદી શકાય નહીં. સોશ્યલ મીડિયાના દૂષણોથી બચવાનું ઉદાહરણ મા-બાપે પોતે બાળકોને પુરું પાડવું પડશે એમ ભાગવતે કહ્યું હતું.

ભાગવતે જંતર-મંતર પર ચાલી રહેલા આંદોલનનો સીધો ઉલ્લેખ કર્યો ન હતો, પરંતુ તેમની આ ટિપ્પણીના સમય પરથી સ્પષ્ટ સંકેત મળે છે. આરએસએસ પ્રમુખે સીજેપી વિરોધ પ્રદર્શનો પર હજુ સુધી કોઈ ટિપ્પણી કરી ન હતી. શુક્રવારે વરિષ્ઠ વકીલ કપિલ સિબલે આરએસએસ વડાના મૌન સામે સવાલ ઉઠાવ્યા હતા. સિબલે ટ્વિટ કર્યું હતું કે, "મોહન ભાગવત જી. જંતર-મંતરની ઘટનાઓ... છેલ્લા એક મહિનામાં તમારું મૌન તમારા ઉપદેશો કરતાં વધુ ઘણું કહી જાય છે.

૬ દિવસ બાદ અમરનાથ યાત્રા ફરી શરૂ

ભૂસ્ખલન અને ભારે વરસાદ બાદ હવામાન ચોખ્ખું થતાં બાબા બર્ફાનીના ધામે શ્રદ્ધાળુઓનો ધસારો

જમ્મુ/શ્રીનગર, તા. 25 (PTI): ખરાબ હવામાનના કારણે છ દિવસ સુધી સ્થગિત રહ્યા બાદ શનિવારે અમરનાથ યાત્રા ફરી શરૂ થઈ છે. પહલગામ અને બાલતાલ બંને માર્ગો પર યાત્રા પુનઃ શરૂ કરવામાં આવી છે અને 6,000થી વધુ શ્રદ્ધાળુઓ જમ્મુથી કાશ્મીર માટે રવાના થયા છે. એમ અધિકારીઓએ જણાવ્યું હતું.

3,880 મીટર ઊંચા પવિત્ર ગુફા મંદિર તરફ જતા અનંતનાગ જિલ્લાના 48 કિમી લાંબા પહલગામ માર્ગ અને ગંદરબલ જિલ્લાના 14 કિમી લાંબા બાલતાલ માર્ગ બંને પર સતત વરસાદ અને ખરાબ હવામાન પરિસ્થિતિઓને કારણે સાવચેતીના ભાગરૂપે 19 જુલાઈના રોજ યાત્રા સ્થગિત કરવામાં આવી હતી.

હવામાનમાં સુધારો થતાં અને ઉધમપુર-રામબન પટ્ટામાં વિવિધ સ્થળોએ ભૂસ્ખલન અને પથ્થરો પડવાના કારણે ત્રણ દિવસ સુધી બંધ રહ્યા બાદ જમ્મુ-શ્રીનગર રાષ્ટ્રીય રાજમાર્ગ ફરી કાર્યરત થતાં યાત્રા શરૂ કરવામાં આવી છે.

શનિવારે સવારે હળવા વરસાદ વચ્ચે બાલતાલ અને પહલગામ બંને બેઝ કેમ્પ પરથી સેંકડો શ્રદ્ધાળુઓ પવિત્ર ગુફા મંદિર તરફ રવાના થયા હતા.

જમ્મુના ભગવતી નગર બેઝ કેમ્પ પરથી સખત સુરક્ષા વ્યવસ્થા વચ્ચે સવારે લગભગ 2.40 વાગ્યે 6,269 શ્રદ્ધાળુઓની 18મી ટુકડી – જેમાં 1,470 મહિલાઓ, 25 બાળકો અને 54 સાધુઓ સામેલ હતા – 223 વાહનોના કાફલામાં બાલતાલ બેઝ કેમ્પ માટે રવાના થઈ હતી. જમ્મુથી પહલગામ માર્ગ માટે કોઈ કાફલો રવાના કરવામાં આવ્યો ન હતો.

પેજ 3

શબાના આઝમીને સ્વાઇન ફ્લૂ થયો

મુંબઈ, તા. 25: ચાલુ સીજેપી વિરોધ પ્રદર્શનને જાહેરમાં સમર્થન આપનાર ફિલ્મ ઇન્ડસ્ટ્રીના સૌથી પહેલા અગ્રણી ચહેરાઓમાંથી એક વરિષ્ઠ અભિનેત્રી શબાના આઝમી હતાં. તેમણે વિદ્યાર્થીઓ પ્રત્યે એકજૂથતા વ્યક્ત કરી હતી અને વ્યાપકપણે કવરેજ મેળવનાર 'ચલો સંસદ' માર્ચમાં પણ ભાગ લીધો હતો, જ્યાં તેઓ વિરોધ પ્રદર્શન કરી રહેલા લોકો સાથે સંસદ તરફ કૂચ કરતાં જોવા મળ્યાં હતાં. તેમની સહભાગિતાના વીડિયો સોશિયલ મીડિયા પર ઝડપથી વાયરલ થયા હતા, જેમાં ઘણા લોકોએ આ પ્રદર્શનમાં તેમની હાજરીની પ્રશંસા કરી હતી. જોકે, હવે તેમના પ્રશંસકો માટે ચિંતાજનક સમાચાર છે. શબાનાને સ્વાઇન ફ્લૂ હોવાનું નિદાન થયું છે અને સખત તાવ આવ્યા બાદ તેમને સંપૂર્ણ આરામ કરવાની સલાહ આપવામાં આવી છે.